**Bhakta Kavi Narsinh Mehta University**
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
**Website :** http://www.bknmu.edu.in **Email :** cebknmu@gmail.com

**પરીપત્ર**

**વિષય : યુ.જી. સેમ. ૬ ની પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવાની માર્કશીટ અત્રેની યુનિ.ના પરીક્ષા વિભાગમાં જમા કરાવવા બાબત.**
**સંદર્ભ : અત્રેની યુનિ.ના પરીક્ષા વિભાગના તા. ૨૬/૦૩/૨૦૨૧ ના પરીપત્ર ક્રમાંક- બીકેએનએમયુ/પરીક્ષા/૬૮૨/૨૦૨૧.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર કોવીડ-૧૯ ની પરિસ્થિતિને ધ્યાને લઇ ઉપરોક્ત સંદર્ભ પરીપત્રથી જણાવવામાં આવેલ કે, માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ માટે યુ.જી. સેમ. ૬ ની પ્રેક્ટીકલ/પ્રોજેકટ/વાઇવાની પરીક્ષાનું આયોજન કોલેજ કક્ષાએથી જે-તે વિષયના યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપક દ્વારા કરવાનું રહેશે.

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, કોલેજ દ્વારા લેવાયેલ યુ.જી. સેમ. ૬ ની પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવા ની માર્કશીટ તા.૧૭/૦૭/૨૦૨૧ સુધીમાં યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે. યુનિ. માં માર્કશીટ જમા કરાવેલ છે તેના આધાર પુરાવા માટે તેની પહોંચ(રીસીપ્ટ) પરીક્ષા વિભાગમાંથી મેળવી કોલેજે પોતાના રેકોર્ડમાં રાખવી.

પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવાના માર્કસ મુકવા માટેની માર્કશીટ અત્રેની યુનિવર્સિટીના G.I.P.L. સોફ્ટવેરમાં કોલેજોએ પોતાનું લોગીન કરી નીચે મુજબના સ્ટેપ અનુસરીને રીપોર્ટ મેળવી શકશે જેને PDF સ્વરૂપે ડાઉનલોડ/પ્રિન્ટ કરી તેમાં માર્કસ મુકવાના રહેશે. જો પરીક્ષાનું ઓફલાઇન આયોજન કરવામાં આવેલ હોય તો હાજર/ગેરહાજર રીપોર્ટમાં વિદ્યાર્થીઓની સહી સાથેનો રીપોર્ટ જમા કરાવવો ફરજીયાત રહેશે. અન્ય કોઇ પણ પ્રકારના ફોર્મેટમાં માર્કસ સ્વીકારવામાં આવશે નહીં જેની તમામ કોલેજના આચાર્યશ્રીઓ તેમજ સંસ્થાઓના વડાઓએ ખાસ નોંધ લેવી.

**રીપોર્ટ ડાઉનલોડ કરવા માટેના સ્ટેપ :-**

Year-2020-21 ⟶ Pre-Examination Menu ⟶ Marks ⟶ Practical Marks Template

**ખાસનોંધ:-** **ઉપરોક્ત કામગીરી માટે નોવેલ કોરોના વાઇરસ કોવીડ-૧૯ અંગે રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજિક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.**

AHBapodra
**પરીક્ષા નિયામક**

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૧૧૧૭/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૦૮/૦૭/૨૦૨૧

**પ્રતિ,**
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તરફ...

**નકલ સવિનય રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)